નમ્રતા પામવા કોઇ મૂલ્ય ચૂકવવું પડતું નથી, પણ નમ્રતા દ્વારા ઘણું બધું ખરીદી શકાય છે
- જે. કૃષ્ણમૂર્તિ

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

ઈ-પેપર gandhinagarsamachar.com

Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૧૩૭ | ૨૬ જુલાઇ ૨૦૧૨, ગુરૂવાર, શ્રાવણ સુદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# જિલ્લામાં ૧૩૦ ગામોમાં હજુ પણ બેંકો નથી

## માર્ચ ૨૦૧૩માં ૧૫૦૦થી ૨ હજારની વસ્તી ધરાવતા ગામોને આવરી લેવાશે જ્યારે માર્ચ-૧૫ સુધીમાં તમામ ગામોને આવરી લેવાશે

ગાંધીનગર, તા.૨૫

બે હજારથી ઓછી વસ્તી ધરાવતા જિલ્લાના ૧૩૦ ગામોમાં હજુ પણ બેંકોની સુવિધા ઉપલબ્ધ નથી.

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ પ્રથમ તબક્કામાં ૨ હજારથી વધુ વસ્તી ધરાવતા ગામોને બેકિંગ સેવા સાથે સાંકળી લેવાના કરેલા આદેશને પગલે જિલ્લાના ૧૦૦ ગામોને આ અંતર્ગત આવરી લેવામાં આવ્યા છે. હવે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ બે હજારથી ઓછી વસ્તી ધરાવતા ગામોને પણ આગામી ત્રણ વર્ષમાં આવરી લેવા માટેના આદેશો જારી કર્યા છે.

ડી.એ.લ.સી.સી.-ની ફાયનાન્સીયલ ઈન્કલુઝનની સબકમિટી આજે જિલ્લા વિકાસ અધિકારીશ્રી એમ.એ. ગાંધીના અધ્યક્ષપદે મળી હતી. આજે મળેલી આ બેઠકમાં નાબાર્ડના ડી.ડી.એમ. શ્રી એસ.આર. જક્કી સહિત બેંકિંગ ક્ષેત્રના ઉચ્ચ અધિકારીઓ હાજર રહ્યા હતાં.

પ્રાપ્ત થતી વિગતો મુજબ આ બેઠકમાં નક્કી કરાયા મુજબ જિલ્લામાં ૩૦ ગામો એવા છે જ્યાં ૧૫૦૦થી વધુ વસ્તી અને બે હજારથી ઓછી વસ્તી છે. આ ગામોને આગામી માર્ચ ૨૦૧૩ સુધીમાં બેકિંગ સેવાઓથી સાંકળી લેવામાં આવશે.

આ માટે ગામની વિગતો સાથેની યાદી આજની બેઠકમાં રજુ કરવામાં આવી હતી. જ્યારે બાકી રહેતા ૧૦૦ ગામોને માર્ચ ૨૦૧૫ સુધીમાં આવરી લેવામાં આવશે. આમ જિલ્લામાં માર્ચ ૨૦૧૫ સુધીમાં તમામ ગામો બેંકિંગ સેવાઓથી સંકળાયેલા હશે.

અગાઉ ૨૦૦૦થી વધુ વસ્તી ધરાવતા ગામોને સાંકળી લેવા માટેની

● અનુસંધાન પાના-૭ પર



સૂકાયેલી સાબરમતી - ગાંધીનગર સહિત ઉત્તર ગુજરાત અને રાજસ્થાનમાં નહીંવત્ વરસાદને કારણે સાબરમતી સાવ સૂકીભઠ્ઠ રહી છે. પ્રતિવર્ષ જુલાઈ અંત કે ઓગસ્ટમાં આછું - પાતળું પાણીએ ભરાયેલું રહેતું હતું. આ વર્ષે સમગ્ર સાબરમતીનો પટ કોરો ધાકોર દેખાય છે. નદીનું આ સ્વરૂપ ચિંતા ઉપજાવે છે. આગામી દિવસોમાં વરસાદ નહીં વર્ષે તો અબોલ પશુ-પંખી અને ખેતીવાડીને ભયંકર નુકસાનનો અંદાજ છે. નદીની પ્રાર્થના છે વરૂણ દેવ રીસામણા છોડી નદીને નવપલ્લવિત કરવા જલ્દી પધારો. સમગ્ર ધરતી આપના આગમનની ચાતક નજરે રાહ જુવે છે. (તસવીર : દિપક જાની)

# ઓગષ્ટ માસમાં વિકાસ પર્વ ઉજવાશે

## જિલ્લામાં ૧૦૦ જેટલા કામોનું લોકાર્પણ અને ખાતવિધિના કાર્યક્રમો આ પર્વ દરમ્યાન યોજાશે

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર જિલ્લામાં ઓગષ્ટ માસ દરમ્યાન વિકાસ પર્વનું આયોજન કરવાની કવાયત જિલ્લા તંત્ર દ્વારા હાથ ધરવામાં આવી છે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ જિલ્લામાં એકસોથી પણ વધુ કામોનું લોકાર્પણ તેમજ ખાતમુહૂર્ત વિધિ આ પર્વની ઉજવણી દરમ્યાન કરવામાં આવશે. મળતી વિગતો પ્રમાણે ૪૦ જેટલા કામોનું લોકાર્પણ કરવામાં આવનાર છે.

મળતી વિગતો મુજબ જિલ્લાના દરેક તાલુકામાં લોકાર્પણ તેમજ ખાતમુહૂર્તના કાર્યક્રમો યોજવામાં આવનાર છે. ખાસ કરીને માર્ગોના કામો, ભૂગર્ભ ગટર યોજનાના કામો તેમજ નવા વર્ગખંડના બાંધકામના કામનો આરંભ આ પર્વની ઉજવણી દરમ્યાન કરાવવામાં આવનાર છે.

જિલ્લામાં અંદાજે ૨ કરોડના ખર્ચે આ કામો હાથ ધરવામાં આવના છે. આશરે ૧ કરોડથી વધુ ખર્ચે તૈયાર થયેલા કામોનું લોકાર્પણ કરવામાં આવનાર છે.

જિલ્લાતંત્ર દ્વારા આ અંગેની વિગતો આખરી કરવામાં આવી રહી છે. આ પછી તે અંગેનો અહેવાલ સરકારમાં મોકલી આપવામાં આવશે. રોજના બે થી ત્રણ કાર્યક્રમોનું આયોજન આ પર્વની ઉજવણી દરમ્યાન કરવામાં આવશે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લાતંત્ર દ્વારા આ સપ્તાહના અંત સુધીમાં આ વિગતો આખરી કરી દેવામાં આવશે અને ૧૫ ઓગષ્ટથી ૩૦ ઓગષ્ટ દરમ્યાન આ વિકાસ પર્વની ઉજવણી કરવામાં આવશે.

તંત્ર દ્વારા હાલ ઓગષ્ટ માસમાં યોજાનાર ગરીબ કલ્યાણ મેળાઓની પણ તૈયારી કરવામાં આવી રહી છે. આમ ઓગષ્ટ માસ આખો કાર્યક્રમોથી ભરચક રહેશે તેમ મનાઈ રહ્યું છે.

# અંબાજી મંદિરમાં ૩૪ કરોડની આવક અને ૨૧ કરોડનો ખર્ચ

## સરકાર વિકાસનું આયોજન કરે છે પણ રૂપિયા તો અંબાજી ટ્રસ્ટના વપરાય છે,હાલ ૧૦૬ કરોડની થાપણો છે જેનું વ્યાજ ૯.૯૩ કરોડ મળે છે

(વિશેષ પ્રતિનિધિ) ગાંધીનગર, તા.૨૫

ગુજરાતના પવિત્ર યાત્રાધામ અંબાજીની આવક ૩૫ કરોડે પહોંચી છે. જો કે ટ્રસ્ટના વહીવટી ખર્ચમાં પણ ખાસો એવો વધારો થયો છે. પ્રાપ્ત માહિતી પ્રમાણે અંબાજી ટ્રસ્ટ પાસે હાલ ૧૦૬ કરોડની થાપણો પડેલી છે અને વર્ષે ૯.૯૩ કરોડનું વ્યાજ પ્રાપ્ત થાય છે.

આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટની વિગતો પ્રમાણે વર્ષ ૨૦૧૦-૧૧માં અંબાજી દેવસ્થાનની આવક ૨૩.૯૨ કરોડ થઇ હતી જેમાં વ્યાજનો ઉમેરો કરતાં તે વધીને ૩૩.૮૫ કરોડ થવા જાય છે.

બીજી તરફ આવકની સામે ખર્ચમાં પણ ધરખમ વધારો થયો છે. આ ટ્રસ્ટ દ્વારા કોલેજ, પાઠશાળા, સ્કૂલ, ગેસ્ટહાઉસ, ભોજનાલય અને હોસ્પિટલ ચલાવવામાં આવતી હોવાથી તેનો ખર્ચ ૩.૫૯ કરોડ થયો છે. મરામત નિભાવણી મટો ૨.૨૦ કરોડ થયા છે. વહીવટી ખર્ચ ૩.૫૪ કરોડનો છે. ટ્રસ્ટના હેતુઓ, સિક્યોરિટી, ઉત્સવો પાછળ ૬.૭૪ કરોડ ખર્ચાય છે. ધસારા ખર્ચ તરીકે ૪.૬૯ કરોડ અને સામાજીક પ્રવૃત્તિમાં ૦.૩૩ કરોડનો ખર્ચ છે. આમ ગયા વર્ષે કુલ ૨૧.૧૩ કરોડનો ખર્ચ થયો છે.

નવા આયોજન પ્રમાણે દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા ૫૧ શક્તિપીઠ દર્શન પરિક્રમા, ૨૦૦ બેડની હોસ્પિટલ, મંદિર સંકુલ ડેવલપમેન્ટ, સીસી ટીવી કેમેરા, ચાચર ચોક, ગબ્બર ટોચ વિસ્તૃતીકરણ સહિત ૯૦ કરોડના પ્રોજેક્ટ હાથ ઉપર લેવામાં આવ્યા છે. શક્તિપીઠ અને હોસ્પિટલ પાછળ ૧૫ કરોડ ખર્ચ થવાની ધારણા રાખવામાં આવી છે.

અંબાજીના આ તમામ ખર્ચને ધ્યાનમાં રાખતાં થ્રી-ડી પ્રોજેક્ટની કોસ્ટ ઘટાડવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે.

# ગાંધીનગર મેડીકલ કોલેજ સહિતની પાંચ કોલેજોની એન.આર.આઈ. બેઠકોનું મેરીટ લીસ્ટ જારી કરાયું

## ૨૧ અરજીપત્રકો રદ થતાં ૩૬૭ વિદ્યાર્થીઓને મેરીટયાદીમાં સમાવાયા પ્રથમ અને છેલ્લા ક્રમે વિદ્યાર્થીઓ : મેરીટયાદી બે ભાગમાં જારી કરાઈ વિદેશમાં ભણતા અને વિદેશ વસતા પરિવારોના આશ્રિત વિદ્યાર્થીઓનો યાદીમાં સમાવેશ કરાયો

ગાંધીનગર, તા. ૨૫

ગુજરાત મેડીકલ રિસર્ચ સોસાયટી સંચાલિત પાંચ મેડીકલ કોલેજોની એન.આર.આઈ. બેઠકોની મેરીટ યાદી આજે જાહેર કરવામાં આવી છે.

ગાંધીનગર મેડીકલ કોલેજ સહિતની પાંચ કોલેજોની ૧૧૩ બેઠકો માટે ૩૮૮ ઉમેદવારોએ અરજી કરી હતી. આ વિદ્યાર્થીઓના ફોર્મની ચકાસણી ગઈકાલે સંપન્ન થઈ ગયા બાદ આજે આ મેરીટ યાદી જાહેર કરવામાં આવી છે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ મળેલ અરજીઓ પૈકી ૨૧ અરજીઓ અધુરી વિગતો હોવાને કારણે રદ કરવામાં આવી છે. વાર્ષિક ૧૬ હજાર ડોલરની ફી ધરાવતી આ બેઠકો માટેની આજે જાહેર કરાયેલ યાદીમાં ૩૬૭ વિદ્યાર્થીઓને સમાવવામાં આવ્યા છે.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આ વિદ્યાર્થીઓનું કાઉન્સીલીંગ હવે ૨૯-૩૦ જુલાઈના રોજ ગાંધીનગર ખાતે હાથ ધરવામાં આવે તેવી શક્યતાઓ છે.

● અનુસંધાન પાના-૭ પર

# દહેગામ રીંગરોડ પર ટ્રેક્ટર નીચે યુવાન કચડાયો

દહેગામ, તા.૨૫

દહેગામ રીંગરોડ પર ટ્રેક્ટરે યુવાનને કચડીમાર્યો હોવાની ઘટના બનવા પામી છે. આ અંગે નરોડા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. ઘટનાની વિગતવાર માહિતી એવી છે કે કઠવાડા રોડ ગુ.હા.બોર્ડના છાપરા ખાતે કાજુભાઈ ચતુરભાઈ ભુરીયા પોતાના પરિવાર સાથે રહેતો હતો. ગઈ કાલે બપોરના સુમારે કાજુભાઈ ચતુરભાઈ ભુરીયા મહાવીર પેટ્રોલ પંપ સામેના ઝાડપાસે સૂતો હતો. દરમ્યાનમાં અચાનક એક ટ્રેક્ટર પુરપાટ ઝડપે આવી કાજુભાઈને કચડી માર્યો હતો. ઘટનાની જાણ થતાં નરોડા પોલીસ દોડી આવી હતી.


### અમદાવાદના આંગણે NID, CEPT પછી DDA

વાઈબ્રન્ટ ગુજરાતના હાર્ટસમાં શહેર અમદાવાદમાં વિશ્વ વિખ્યાત ડિઝાઈન સંસ્થાઓ જેવી કે, CEPT, NID, આવેલી છે. 2011 માં અમદાવાદમાં નવી એક ડિઝાઈન સંસ્થા - Design Development Academy ની સ્થાપના પ્રખ્યાત Architect શ્રી નવીન ઘોરેચા અને સંજય પટેલ દ્વારા કરવામાં આવી. જેનું ઉદ્‌ઘાટન નિષ્ણાંત Architect ક્રિસ્ટોફર ચાર્લ્સ બેનીજરના હસ્તે કરવામાં આવ્યું હતું. આ સંસ્થા ડિઝાઈન ડેવલપમેન્ટ એકેડમી DDAમાં NIDના પ્રોજેક્ટ ડિઝાઈનના HOD શ્રી નિલેન્દુ શાહ, વિખ્યાત ફોટોગ્રાફ શ્રી પી. એમ. દલવાડી, શ્રીકાન્ત નિવાસરકર, શ્રી હિમાદ્રી ઘોષ અને અમર ગાર્ગેશ જોડાયેલા છે. આ ઉપરાંત મહાન હસ્તીઓ જેમ કે, મનીષા શોષન, ખંજન પટેલ, રશીદા તૈયબજી, શિવાંગ રાજવીર, જય ચૌધરી, ચિરાગ દોશી વગેરે ફેકલ્ટી સેવા આપે છે. DDA માં 3 વર્ષનો Interior Design નો ડિગ્રી કોર્સ, Graphic Design અને Fashion Design નો કોર્સ ચાલે છે. અમદાવાદ સમગ્ર ભારતમાં Architecture અને Interior Designer ના હબ તરીકે જાણીતું છે. અમદાવાદ અને ગુજરાતમાં ઘણા આશાવંતા વિદ્યાર્થીઓ કે જેમને Interior Design માં કારકિર્દી બનાવવી છે. તેમના માટે આ સંસ્થા "DDA" નું ઘણું જ મહાત્તવનું યોગદાન રહેશે. અમદાવાદમાં SG Road પર આવેલ ભાગવત વિદ્યાપીઠની સામે આવેલ આ સંસ્થા DDA એ એક વર્ષ બહુ જ સફળતાપૂર્વક પૂરું કરીને બીજા વર્ષમાં પ્રવેશ કરેલ છે. Advertisement

એશિયાની નિષ્ણાંત એનિમેશન સંસ્થા પાસેથી શીખો, આજે જ જોડાવો...

100% Placement Assistance

ARENA ANIMATION

MGU Education For All www.mgu.edu.in Mahatma Gandhi University







- ધોરણ ૧૨ પાસ (સાયન્સ, કોમર્સ અને આર્ટસ વિદ્યાર્થી માટે)
- UGC રેકગ્નાઈઝ યુનિવર્સિટી
- ભણતર સાથે પાર્ટટાઈમ નોકરી તક
- બુક્સ તથા અન્ય મટીરીયલ

Hurry Up... Limited Seats...

OPPORTUNITIES IN ANIMATION INDUSTRIES

Films | Television Entertainment | Advertising | Gaming
Architecture & Engineering | E-Learning & International Studios
Many more...

GANDHINAGAR: 2nd Floor, Suman City, Below Cinemax, Sector :11. 7600001100 079-30523300

SATELLITE: FF-3, Aditraj Arcade, Opp. Sachin Tower. 100 ft Shyamal Road, Ahmedabad. 9824061100

NARANPURA: 3rd Floor, Arambh Complex, Ankur Cross Road, Ahmedabad. 9601966655

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/બીરલા/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
BIRLA TYRES Unbeatable! CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઘ.) ૨૩૨૬૧૧૬૩, ૩૨૦૬૦૫૨૨, ૨૩૨૨૩૦૪૭, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨,

LCD TV રીપેરીંગ
આપનું LED TV, LCD TV, Plazma TV, કલર TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી. ફક્ત ફોન કરો ૧ થી ૩૦ સેક્ટર માટે
સોમનાથ ઈલેક્ટ્રોનીક્સ
ચંદ્ર ફોટો સ્ટુડિયોની બાજુમાં, સેક્ટર-૨૪, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૧૫.
મો ૯૪૨૬૪૪૨૭૮૫, ૯૭૧૪૧૯૮૩૬૬